જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૭/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી ૯૨ લીટર દેશી દારૂ અને ૧૩ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૧ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૫/૧૬**

**સાબરમતી : પ્રતાપજી મનાજી ઠાકોર** (રહે,ઠાકોરવાસ પાસે, ત્રાગડ ગામ, સાબરમતી) એ તા.૧૨/૭/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૭/૧૬ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ત્રાગડગામ, ગોપનાથ મહાદેવ મંદિર નજીકથી પોતાની પુત્રી અલ્પાબહેન (ઉ.વ.૧૭) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**બળાત્કારની કોશીશ :-** **સમાચાર યાદી નં.૧૨૭૬/૧૬**

**સાબરમતી : ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની યુવતીએ સાબરમતી** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૭/૧૬ સાંજનાં ૫/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી બેરોનેટ કોમ્પલેક્ષમાં આવેલ પેસેફીક કન્સલ્ટન્સી નામની ઓફીસમાં આરોપી પ્રશાંત યુનિક્રિશન એ ઓફીસનો દરવાજો બંધ કરી, યુવતીની મરજી વિરૂધ્ધ જબરજસ્તીથી બળાત્કાર કરવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૨૭૭/૧૬**

**માધવપુરા : સાંકેતભાઇ માવજીભાઇ પટેલ** (રહે.રઘુકુળ બંગ્લોઝ, ગુલાબ ટાવર પાસે, થલતેજ) એ તા.૧૨/૭/૧૬ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૨/૧૬ થી તા.૧૧/૩/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નવા માધવપુરા માર્કેટમાં આવેલ જીવન પ્રોડક્સ લી., દુકાન નંબર ઇ/૨ નામની દુકાનેથી આરોપી સમીર દેસાઇ (રહે.આમ્રપાલી શોપીંગ સેન્ટર, હેવમોરની પાસે, બોપલ સર્કલ) એ સાંકેતભાઇને પોતે વેપારી હોવાનો ડોળ કરી, વિશ્વાસમાં લઇ, કુલ રૂપિયા ૩,૦૩,૯૨૬/- નો અલગ-અલગ તેલનો માલ ખરીદી તે પેટે ચુકવવાનાં થતાં નાણાં નહીં ચુકવી સાંકેતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નવરંગપુરા : હરપાલસિંહ દિલીપસિંહ વાઘેલા** (રહે.અવની રો હાઉસ, વિસત પેટ્રોલપંપ પાસે) એ તા.૧૨/૭/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ/૨૦૧૬ થી માહે મે/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન નવરંગપુરા લો ગાર્ડન હાઇસ્ટ્રીટ વન બિલ્ડીંગ ખાતે આવેલ પોતાની ઇન્ડીયા ઇન્ફોલાઇન ફાઇનાન્સ લી.કંપની ઓફીસમાં કામ કરતાં આરોપી (૧) દલવીર રણવીર ચૌહાણ (રહે.બ્લ્યુ આરીશ એપાર્ટમેન્ટ, સી.આર.પી.એફ ભવન સામે, રામોલ) (૨) કેતન શાહ (૩) નિકેશ મોદી અને (૪) પ્રદિપ ઠક્કર ભેગામળી ગ્રાહકો પાસેથી મેળવેલ સોનાનાં દાગીના ખોટા હોવાનું જાણવા છતાં, પોતાનાં ગોલ્ડ ઓડીટર તરીકેનાં હોદ્દાનો દુરપયોગ કરી, દાગીના સોનાનાં હોવાનો ઇ.વી.આર. રીપોર્ટ બનાવી, સોના પેટે આપવાની થતી કુલ ૫૧ લોન એકાઉન્ટ ખોલાવી તમામ રૂપિયા મેળવી લઇ, તે લોનમાંથી કુલ ૩૨ લોન એકાઉન્ટનાં કુલ રૂપિયા ૯૬,૧૯,૫૨૫/- પરત નહીં ભરી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૭૮/૧૬</u>**

**રાણીપ : રમેશભાઇ રોશનલાલ જૈન** (રહે.સેક્ટર-૬, નિર્ણયનગર) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૬ સાંજનાં ૭/૨૦ થી ૭/૫૦ સુધીનાં સમયગાળા દરમ્યાન રાણીપ બલોલનગર ચાર રસ્તા ઉપર આવેલ પોતાની અરિહંત જ્વેલર્સ નામની દુકાનમાં ગ્રાહક બનીને આવેલ બે અજાણ્યા ઇસમો (૩૦ થી ૩૫ વર્ષ આશરાનાં) દાગીના લેવાનાં બહાને રમેશભાઇની નજર ચુકવી ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૭૯/૧૬</u>**

**રિવરફ્રન્ટ વેસ્ટ** : હિતેશ બાબુભાઇ સોલંકી (ઉ.વ.૨૮)(રહે.બડીયાનગર પોસ્ટ ઓફીસ સામે, અમરાઇવાડી) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૨/૭/૧૬ સાંજનાં ૬/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સરદારબ્રીજ પાસે, સાબરમતી નદીમાં પડતુ મુકી, આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)